॥ નમો નમઃ શ્રી ગુરુપ્રેમસૂરયે ॥

# પ્રભુ દર્શન સુખસંપદા

**પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત**

***શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી***

**મહારાજા**

**• પ્રકાશક •**

**બાબુભાઈ સી. જરીવાલા**

દુ.નં.૫, બદ્રિકેશ્વર સોસાયટી,
મરીન ડ્રાઈવ ઈ રોડ, મુંબઈ-૨.
ફોન : ૨૨૮૧૭૭૭૦, ૨૩૬૨૪૪૭૭



**• પ્રાપ્તિસ્થાન •**

- **પ્રકાશક**
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  નંદિતા એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો,
  પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૬૩૯૧૮૯
- **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
  **C/o.ચંદ્રકાંત એસ. સંઘવી**
  ૬/બી, અશોકા કોમ્પલેક્ષ, રેલ્વે ગરનાળા પાસે,
  પાટણ (ઉ.ગુ.) ફોન : ૨૩૧૬૦૩
- **શ્રી આદિનાથ જૈન મંદિર**
  ડીલક્ષ સોસાયટી સામે, નિઝામપુરા, વડોદરા-૮.
  ફોન : (૦૨૬૫) ૨૭૮૧૮૫૪.

Printed by : **SHREE PARSHVA COMPUTERS**,
58, Patel Society, Jawahar Chowk, Maninagar, A'bad-8. Tel.25460295



॥ નમો નમઃ શ્રી ગુરુપ્રેમસૂરયે ॥

પ્રભુ દર્શન સુખસંપદા

પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી
મહારાજા

• પ્રકાશક •
બાબુભાઈ સી. જરીવાલા
દુ.નં.૫, બદ્રિકેશ્વર સોસાયટી,
મરીન ડ્રાઈવ ઈ રોડ, મુંબઈ-૨.
ફોન : ૨૨૮૧૭૭૭૦, ૨૩૬૨૪૪૭૭
(૧)

• પ્રાપ્તિસ્થાન •
• પ્રકાશક
• દિલીપ રાજેન્દ્રકુમાર શાહ
નંદિતા એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો,
પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૬૩૯૧૮૯
• શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
C/o.ચંદ્રકાંત એસ. સંઘવી
૬/બી, અશોકા કોમ્પલેક્ષ, રેલ્વે ગરનાળા પાસે,
પાટણ (ઉ.ગુ.) ફોન : ૨૩૧૬૦૩
• શ્રી આદિનાથ જૈન મંદિર
ડીલક્ષ સોસાયટી સામે, નિઝામપુરા, વડોદરા-૮.
ફોન : (૦૨૬૫) ૨૭૮૧૮૫૪.
Printed by : SHREE PARSHVA COMPUTERS,
58, Patel Society, Jawahar Chowk, Maninagar, A'bad-8. Tel.25460295
(૨)

છે. અને છેલ્લા ભવમાં આ પુણ્યપ્રકૃતિના પ્રતાપે દેવોથી પણ પૂજ્યત્વ, કલ્યાણકાદિ પ્રસંગે ૧૪ રાજલોકમાં પ્રકાશ તથા જીવ માત્રને ક્ષણભર અત્યંત સુખની પ્રાપ્તિ કરાવવાપણું, કુદરતની અનુકૂળતાઓ, વગેરે અનેક પ્રકારનો પ્રભાવ પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી તીર્થંકર નામકર્મના પુણ્યપ્રભાવથી પ્રભુ ધર્મતીર્થની સ્થાપના કરે છે. ઈન્દ્રાદિ દેવો વિ. સમવસરણાદિની રચના કરે છે. તેમાં બેસીને પરમાત્મા દેશના આપે છે, મોક્ષ માર્ગ બતાવે છે. અને સંસારના અનંત દુઃખોથી છુટીને અનંતસુખ પ્રાપ્ત કરાવનાર એવા ધર્મશાસનનું પ્રવર્તન કરે છે. જગતના જીવોના સુખ માટે પ્રવર્તાવેલ ધર્મશાસન એ પરમાત્માના નિર્વાણ પછી પણ આગળ ચાલે છે. એ ધર્મશાસનની શીતળ છાયામાં અનેક ભવ્યાત્માઓ દુઃખોનું અને તેના કારણભૂત કર્મોનું ઉન્મૂલન કરતા મુક્તિ તરફના પ્રયાણમાં આગળ વધે છે.



ઉપકારી એવા દેવાધિદેવે મોક્ષ માર્ગ બતાવ્યો, અનંત જન્મ-મરણોથી છૂટવાનો ઉપાય બતાવ્યો, એટલું જ નહી કઠણ એવા મોક્ષમાર્ગે જવાનું સામર્થ્ય આપ્યું, તેવા ઉપકારી દેવાધિદેવને કૃતજ્ઞ આત્માઓ કેવી રીતે ભૂલી શકે ? તેમના ઉપકારને વારંવાર યાદ કરતા આંખમાં ઝળહળીયા આવે, વાણી ગદ્ગદ્ બને, હૃદય ભરાઈ જાય તેમાં શું નવાઈ ?

સામાન્યથી પણ જેણે આ સંસારમાં ક્યારેક કોઈએ મરણથી બચાવેલ હોય, મહાન આપત્તિમાંથી પાર ઉતાર્યા હોય તેવા પુરૂષને યોગ્યાત્માઓ ભૂલી નથી શકતા. વારંવાર યાદ કરે છે અને તેમની ખૂબ ખૂબ ભક્તિ-બહુમાન કરે છે. તો પછી અનંતા જન્મ-મરણોથી હંમેશ માટે બચાવનાર ફરીથી કદી પાછી ન આવે તે રીતે સઘળી આપત્તિઓને દૂર કરનાર, મોક્ષના અનંત સુખને આપનાર, મોક્ષ ન



મળે ત્યાં સુધી પણ સંસારમાં પણ ઉચ્ચ સ્થાનોએ પહોંચાડનાર દેવાધિદેવને શી રીતે ભૂલી શકાય ? એમની ભક્તિ વિના કેમ રહી શકાય ? તેમના પ્રત્યે હૃદયમાં બહુમાન ઊભું થયા વગર શી રીતે રહે? તેમના દર્શન કરતા આંખોમાં ઝળહળીયા આવે, તેમના ગુણગાન ગાતા વાણી ગદ્ગદ્ બને, તેમનું ચિંતન કરતા હૃદય ભરાઈ જાય, એ બન્યા વિના કેમ રહે ?

કૃતજ્ઞ એવા ભવ્યત્માઓ ઉપકારી એવા દેવાધિદેવનું સ્મરણ-વંદન-પૂજન-ધ્યાન વગેરે વારંવાર કરે છે. સાક્ષાત્ ભાવ તીર્થંકર પરમાત્માની હાજરી નથી, ત્યારે પણ પ્રભુના ઉપકારનું વિસ્મરણ ન થાય તેના માટે પ્રતિમાનું નિર્માણ કરવામાં આવે છે. આ પ્રતિમાઓ એમને એમ દર્શન-પૂજનને યોગ્ય બનતી નથી. પરંતુ શ્રેષ્ઠ, પવિત્ર, ઉત્તમ આચારવાન



તેવા ગીતાર્થ આચાર્ય ભગવંતો સુંદર વિધિ વિધાન સાથે પ્રબળ સંકલ્પથી પ્રતિમાઓમાં પરમાત્મ પદની સ્થાપના કરે છે. એટલે પ્રતિમાજી સાક્ષાત્ પરમાત્મ તુલ્ય પૂજનીય બને છે. આજે અનેક ગામ નગરોમાં તથા તીર્થોમાં આવા પૂજનીય પરમાત્માના પ્રતિમાજી છે. શત્રુંજય, ગિરનાર, સમેતશિખર, રાણકપુર, દિયાણા, નાંદિયા, આબુ, રાજગૃહી, કોરટાજી, કલિકુંડ, ભોયણી, પાનસર, ઝઘડિયાજી વગેરે સેંકડો તીર્થોમાં સેંકડો વર્ષ પ્રાચીન પ્રતિમાઓ છે.

જિનપ્રતિમાના દર્શનથી દુઃખનો નાશ થાય છે. જિનપ્રતિમાના વંદનથી વાંછિત પ્રાપ્ત થાય છે.

જિનપ્રતિમાના પૂજનથી બાહ્ય અભ્યંતર લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. બાહ્ય લક્ષ્મીઃ રાજા, ચક્રવર્તી, દેવ કે દેવેન્દ્રપણું છે. અભ્યંતર લક્ષ્મીઃ જ્ઞાન, દર્શન, ચારિત્ર, આંતરિક સુખ વગેરે છે. **પરમાત્મા સાક્ષાત્ કલ્પવૃક્ષ અને ચિંતામણિથી અધિક છે.**

રાવણે અષ્ટાપદ પર પરમાત્માની ભક્તિ કરતા તીર્થંકરનામ કર્મ બાંધ્યું, નાગકેતુએ પ્રભુની પૂજા કરતા કેવળજ્ઞાન લીધું, કુમારપાળ મહારાજાએ પૂર્વ ભવમા પરમાત્માની પાંચ કોડીના અઢાર ફુલથી પૂજા કરીને જબરજસ્ત પુણ્યોપાર્જન કર્યું જેના પ્રભાવે અઢાર દેશના રાજા થયા, જૈન ધર્મ મળ્યો, વિશેષ પ્રભુ ભક્તિ થકી દેવલોકમાં ગયા, ગણધર થઈ મોક્ષે જશે.

આવા તો જિનેશ્વર પ્રભુની પ્રતિમાના દર્શન-પૂજન અને વંદનથી અત્યંત લાભ થયાના અગણિત દૃષ્ટાંતો છે.

વર્તમાનમાં પણ જૈન સંઘ પરમાત્માના દર્શન-પૂજન-વંદન વગેરે ભક્તિ દ્વારા અગણિત પુણ્યોપાર્જન કરી રહ્યો છે. સમ્યક્ત્વ નિર્મળ કરી રહ્યો છે, પરમાત્માના દર્શન-પૂજનથી અનેકના અંતરાયો આજે પણ તૂટે છે. વિઘ્નો નાશ પામે છે. ઈષ્ટસિદ્ધિ પ્રાપ્ત થાય છે.



**પરમાત્માના દર્શન કેવી રીતે કરશો ?**

પરમાત્માના દર્શન કરવા ઘરેથી નીકળતા પૂર્વે જ શુભ મનોરથ પૂર્વક મંદિરે જવું, સુખી શ્રાવકે તો દાન આપતા આપતા જવાની વિધિ છે. પરમાત્માના મંદિરની બહાર જ ઉપાનહ(ચંપલ) વગેરે વસ્તુનો ત્યાગ કરી, નિસીહી-સંસારના વ્યાપારનો ત્યાગ કરી મંદિરમાં પ્રવેશ કરવો. પરમાત્માના દર્શન થતા જ હાથ જોડી માથે અંજલિ કરી "નમો જિણાણં" કહેવુ. પરમાત્માની નિકટ જઈ ત્રણ પ્રદક્ષિણા દેવી. ભમતિમાં પ્રતિમાજી હોય તો બધાના દર્શન કરવા. છેલ્લે પ્રભુ પાસે આવી ભાઈઓ પ્રભુની જમણી બાજુ અને બેનોએ પ્રભુની ડાબી બાજુ ઊભા રહી કમરથી નમી પ્રણામ કરવા, આને અર્ધાવનત પ્રણામ કહે છે. આજુબાજુના પ્રતિમાજીઓને પણ જુહારવા. પછી પરમાત્માના સુંદર વર્ણનવાળી, ઉત્તમ ભાવ ઉત્પન્ન કરે તેવી સ્તુતિઓ



બોલવી. ભૂમિ પ્રમાર્જીને પરમાત્માને ખમાસમણ દઈ, ઈરિયાવહિ કરી ચૈત્યવંદન કે દેવવંદન કરવું. સૂત્રો મન-વચન-કાયા ત્રણેના પ્રણિધાન પૂર્વક અસ્ખલિત પણે ઉચ્ચારવા, મુદ્રાઓ પણ યથાયોગ્ય કરવી.

ચૈત્યવંદન પૂર્ણ થયે ભાવપૂર્વક સ્તુતિઓ બોલવી તથા પ્રભુનુ એક ચિત્તે ધ્યાન કરવું. આ બધું કર્યા પછી પરમાત્માને પૂંઠ ન પડે એ રીતે મંદિરની બહાર નીકળવું. આ માત્ર દર્શન વંદનની વિધિ બતાવી છે.

પૂજાની વિધિ વિશેષ ગ્રંથોમાંથી જાણી લેવી. ચૈત્યવંદન-દેવવંદન પણ નવ પ્રકારના છે. એ બધું અન્યત્રથી જાણી લેવું.



## ભાવયાત્રા

(આ અવશ્ય વાંચો)

અહીં એક મહત્ત્વની વાત હવે સૂચિત કરાય છે. અનેક તીર્થોમાં અને ગામોમાં દર્શન વગેરે કર્યા પછી જીવો પરમાત્માને ભૂલી જાય છે. સ્વ. પરમગુરુદેવ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી **પ્રેમસૂરીશ્વરજી** મહારાજા પોતે જીવનમાં દર્શન કરેલ બધા જ ચૈત્યોના પ્રતિમાજીઓને મનમાં યાદ કરી હંમેશ ભાવ યાત્રા કરતા. સંયમ જીવનમાં તો વિહારો વગેરેમાં નવા નવા ગામોના ઘણા ઘણા ચૈત્યોના દર્શન થાય. પૂજ્યશ્રીએ બધા જ ગામોના ચૈત્યોને યાદ કરી, રોજ પ્રભુના ભાવથી દર્શન-વંદન કરતા. આમ રોજ સેંકડો ચૈત્યોની ભાવ યાત્રા કરતા. પૂજ્યશ્રીના નિકટના ભક્ત ઉપાસક સુશ્રાવક રમણલાલ વજેચંદ પણ પૂજ્યશ્રીની પ્રેરણાથી

આવી ચૈત્યોની ભાવ યાત્રા કરતા હતા. અનેક પૂજ્ય મુનિરાજો, સાધ્વીજીઓ અને શ્રાવક-શ્રાવિકાઓ પણ આ રીતે ભાવ યાત્રા કરે છે.

તીર્થ સ્થળો કે ગામ નગરોમાં આ રીતે પ્રભુના દર્શન-વંદન-પૂજન યાત્રા કર્યા પછી અનુકુળતા મુજબ શ્રાવક-શ્રાવિકાઓએ પણ ભાવ યાત્રા કરવી જરૂરી છે. આનાથી તે તે ચૈત્યોની સ્મૃતિ તાજી રહે છે. પુણ્યની પણ વૃદ્ધિ થતી જાય છે. ભાવયાત્રામાં દર્શન કરેલા ચૈત્યોને ક્રમશઃ યાદ કરી તેના મૂળનાયક ભગવંતો કે આજુબાજુ પણ કોઈ દેરી વગેરેની શ્રેષ્ઠ પ્રતિમાઓ હોય તો તેને યાદ કરી ભાવથી દર્શન વંદન કરાય છે. આમ દર્શન કરેલા સેંકડો જિન-પ્રતિમાઓની ભાવ યાત્રા થાય છે.

અહિં ભાવ યાત્રા માટે એક બીજી પદ્ધતિ બતાવેલ છે. વેપારમાં જેમ રોજમેળમાં રોજ ઘરાકો સાથેના



લેવડ-દેવડ લખાય છે. પછી ખાતાવહીમાં દરેકના ખાતા કરી તેમાં તે તે ખાતાવાળાની રકમો જમા--ઉધાર કરાય છે. આ રીતે અહીં ચોવીશ ભગવાનના તથા શ્રી સીમંધર સ્વામીના એમ કુલ પચ્ચીસ વિભાગ આ પુસ્તકમા ઊભા કર્યા છે. જ્યારે જ્યારે તમે તીર્થ યાત્રામા જાવ કે ગામ-નગરોમાં પ્રભુના નવા દર્શન કરો ત્યારે તમારે તુરત એ ભગવાનના પાનામાં તે ગામનું કે સ્થળનુ નામ લખી લેવું. આમ કરવાથી તમારી પાસે દરેક ભગવાનના ચૈત્યોનુ લિસ્ટ થઈ જશે. આમા મુખ્યત્વે મૂળનાયક લેવાના છતા મૂળનાયક સિવાય બીજા કોઈ વિશેષ પ્રતિમા મંદિરમાં જણાય જે યાદ કરતા નજર સમક્ષ આવી જાય તો તેની પણ નોંધ કરી શકાય. આ રીતે નોંધ કર્યા પછી રોજ યાદ કરતા થોડા જ ટાઈમમાં તમે આ નોટ વગર પણ રાત્રિ વગેરેના વખતે બધા ભગવાનોને



યાદ કરી નમસ્કાર-દર્શન-વંદન ભાવથી કરી શકશો.

આમાં ઋષભદેવ ભગવાન, શાંતિનાથ ભગવાન, નેમિનાથ ભગવાન, પાર્શ્વનાથ ભગવાન, મહાવીર પ્રભુ વગેરેના ચૈત્યો વધારે હોવાથી તેના પાના વધારે રાખ્યા છે. સમજણ માટે કેટલાક પાનાઓમાં પ્રારંભમાં સ્થળોના નામ પણ છાપેલ છે.

આ રીતે તમે જે જે પ્રભુના દર્શન-પૂજન-વંદન કરો, અનેક ગામોમાં કે તીર્થયાત્રાદિમા, તો તેની આમા નોંધ કરી, વારંવાર તેને યાદ કરી ભાવયાત્રાનું અઢળક પુણ્ય બાંધો એ જ શુભેચ્છા.





## ❈ પ્રભુ દર્શનનું ફળ ❈

| | |
|---|---|
| દેરાસર જવાની ઈચ્છા કરતા | ૧ ઉપવાસ |
| દેરાસર જવા ઊભા થતા | ૨ ઉપવાસ |
| દેરાસર તરફ પગ માંડતા | ૫ ઉપવાસ |
| દેરાસર તરફ અર્ધા રસ્તે | ૧૫ ઉપવાસ |
| દેરાસરના દૂરથી દર્શન કરતાં | ૩૦ ઉપવાસ |
| દેરાસર પાસે આવતા | ૬ માસ ઉપવાસ |
| દેરાસરમાં ગભારા પાસે આવતા | ૧ વર્ષ ઉપવાસ |
| ત્રણ પ્રદક્ષિણા આપતા | ૧૦૦ વર્ષ ઉપવાસ |
| પૂજા કરતા | ૧૦૦૦ વર્ષ ઉપવાસ |
| માળા પહેરાવતા | ૧ લાખ વર્ષ ઉપવાસ |
| ચૈત્યવંદન-ગીત-ગાન-નૃત્ય | અનંત ફળ |

**શ્રી આદિનાથાય નમઃ**

(૧) શ્રી સિદ્ધાચલગિરિ મૂળનાયક

(૨) શ્રી સિદ્ધાચલગિરિ રાયણપાદુકા

## શ્રી અજિતનાથાય નમઃ

(૧) શ્રી તારંગાતીર્થ મૂળનાયક





## શ્રી સંભવનાથાય નમઃ

# શ્રી અભિનંદનસ્વામિને નમઃ





# શ્રી સુમતિનાથાય નમઃ

(૧) શ્રી તળાજા તીર્થ મૂળનાયક

(૨) શ્રી માતર તીર્થ

## શ્રી પદ્મપ્રભસ્વામિને નમઃ

(૧) શ્રી પાબલ તીર્થ





## શ્રી સુપાર્શ્વનાથાય નમઃ

## શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ





## શ્રી સુવિધિનાથાય નમઃ

## શ્રી શીતલનાથાય નમઃ





## શ્રી શ્રેયાંસનાથાય નમઃ

**શ્રી વાસુપૂજ્યસ્વામિને નમઃ**

## શ્રી વિમલનાથાય નમઃ

(૧) શ્રી બલસાણા તીર્થ





## શ્રી અનંતનાથાય નમઃ

## શ્રી ધર્મનાથાય નમઃ





## શ્રી શાંતિનાથાય નમઃ

(૧) શ્રી હસ્તિનાપુરતીર્થ

**શ્રી કુંથુનાથાય નમઃ**

## શ્રી અરનાથાય નમઃ





## શ્રી મલ્લિનાથાય નમઃ

(૧) શ્રી ભોયણીજી તીર્થ

## શ્રી મુનિસુવ્રતસ્વામિને નમઃ

(૧) શ્રી ભરૂચ તીર્થ

## શ્રી નમિનાથાય નમઃ





## શ્રી નેમિનાથાય નમઃ

(૧) શ્રી ગીરનાર તીર્થ

## શ્રી પાર્શ્વનાથાય નમઃ

(૧) શ્રી શંખેશ્વર તીર્થ

## શ્રી મહાવીરસ્વામિને નમઃ

(૧) શ્રી પાવાપુરી તીર્થ

(૧) શ્રી પાનસર તીર્થ

**શ્રી સીમંધરસ્વામિને નમઃ**

(૧) શ્રી મહેસાણા તીર્થ

(૨) શ્રી નંદિગ્રામ તીર્થ